# CHILDREN'S UNIVERSITY

(Established by Government of Gujarat)
Subhash Chandra Bose Shikshan Sankul, Near Chh-5 Children's University Circle, Sector-20, Gandhinagar-382021 (Gujarat)
Phone : 079 232 44569 Website :www.cugujarat.ac.in


## નાણાં સમિતિની કાર્યવાહી નોંધ

## બેઠક ક્રમાંક : (૩) ૦૧/૨૦૨૧-૨૨ (ઓનલાઇન)

**નાણાં સમિતિની મિટિંગ** તા.૧૦/૦૧/૨૦૨૨

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની નાણાં સમિતિની વર્ષ:૨૦૨૧-૨૨ની બેઠક મા. કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને ઓનલાઇન તા.૧૦/૦૧/૨૦૨૨ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે મળી હતી. જેમાં નીચે મુજબના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

| | | | |
|---|---|---|---|
| ૧. | મા. કુલપતિશ્રી હર્ષદ પ્ર. શાહ | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | મા. ડાયરેક્ટર જનરલશ્રી હર્ષદ પ્ર. શાહ | સભ્યશ્રી | હાજર |
| ૩. | મા. શ્રી અશોક અગ્રવાલ | સભ્યશ્રી | હાજર |
| ૪. | મા. ડૉ. સંજયભાઇ પટેલ (ડુંગરાણી) | સભ્યશ્રી | હાજર |
| ૫. | શ્રીમતી ડેનિશા અગ્રવાત (નાણાં અને હિસાબી અધિકારીશ્રી i/c) | સભ્યશ્રી | હાજર |
| ૬. | મા. ડૉ. અશોક એન. પ્રજાપતિ (રજિસ્ટ્રારશ્રી i/c) | સભ્યશ્રી | હાજર |

- આ સાથે નાણાં સમિતિની બેઠકની કાર્યવાહી નોંધ (મિનિટ્સ) સામેલ છે.

બેઠકના પ્રારંભમાં કુલસચિવ દ્વારા સૌનું સ્વાગત કરી બેઠકની કાર્યવાહી આરંભવામાં આવી.

## નાણાં સમિતિની કાર્યવાહી નોંધ

બાબત ક્રમાંક – ૧ : તા.૧૨/૧૧/૨૦૨૧ ના રોજ મળેલ નાણાં સમિતિની બેઠકની મિનિટસ મંજૂર કરવા બાબત. (બિડાણ – ૧)

ઠરાવ ક્રમાંક – ૧ : તા.૧૨/૧૧/૨૦૨૧ના રોજ મળેલ નાણાં સમિતિની બેઠકની મિનિટસ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે. (બિડાણ – ૧)

બાબત ક્રમાંક – ૨: UGC 12B અંતર્ગત ગઇ નાણાં સમિતિમાં ઠરાવ ક્રમાંક: ૧૩ થી કુલ અંદાજીત રુ.૫૦,૦૦,૦૦૦/– નો ખર્ચ મંજુર કરવામા આવેલો હતો. જે અંતર્ગત થયેલ કુલ ખર્ચને મંજૂર કરી બહાલી આપવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૨ : **UGC 12B** અંતર્ગત ગઇ નાણાં સમિતિમાં ઠરાવ ક્રમાંક: ૧૩ થી કુલ અંદાજીત રુ.૫૦,૦૦,૦૦૦/– નો ખર્ચ મંજુર કરવામા આવેલો હતો તથા જરુરીયાત મુજબના અન્ય ખર્ચ કરવા માટે મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી હતી. જે અંતર્ગત ખરેખર થયેલ કુલ ખર્ચના સ્ટેટમેન્ટને ધ્યાને લઇ કરવામાં આવેલ ખર્ચ રુ. ૮૧,૨૮,૦૬૩/– ને સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો.

બાબત ક્રમાંક – ૩ : તા.૧૦ થી ૧૨ દરમ્યાન યોજાનાર વાયબ્રન્ટ–૨૦૨૨માં ભાગ લેવા માટે થનાર પ્રિન્ટિંગ સહિતના ખર્ચને મંજૂર કરવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૩ : તા.૧૦ થી ૧૨ દરમ્યાન યોજાનાર વાયબ્રન્ટ–૨૦૨૨માં ભાગ લેવા માટે થનાર પ્રિન્ટિંગ સહિતના ખર્ચ કરવા બાબતે ચર્ચા વિચારણાને અંતે રુ.૨૦,૦૦,૦૦૦/– ખર્ચ કરવાની સર્વાનુમતે મંજૂરી આપવમાં આવી. હાલ સરકારશ્રી દ્વારા સદર કાર્યક્રમ સ્થગિત કરવામાં આવેલ છે. જેની સૌ મહાનુભાવ દ્વારા ચર્ચા કરવામાં આવી અને આ બાબતે આગામી સમયમાં જયારે કાર્યક્રમ અંગે વધારે ખર્ચ કરવાનો થાય ત્યારે મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

બાબત ક્રમાંક – ૪ : તા.૦૫ અને ૦૬ ના રોજ યોજાનાર ICAI ભાગ લેવા માટે થનાર પ્રિન્ટિંગ સહિતના ખર્ચને મંજૂર કરવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૪ : તા.૦૫ અને ૦૬ ના રોજ યોજાયેલ **ICAI** ભાગ લેવા માટે થયેલ સ્ટોલ તથા પ્રિન્ટિંગ સહિતના તમામ ખર્ચ રુ.૩,૫૪,૬૮૫/– ચર્ચાને અંતે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

Children's University * Sector-20, Gandhinagar *

બાબત ક્રમાંક – ૫ : નાણાંકીય વર્ષ ૨૨–૨૩ માટે નવી બાબત તરીકે રૂ.૭,૩૮,૯૬,૪૨૦/– અંદાજપત્ર રજૂ કરેલું જે ધ્યાને લેવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૫ : ગત નાણાં સમિતની બેઠકમાં ઠરાવ ક્રમાંક : ૧૪(૧) થી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા વર્ષ : ૨૦૨૨–૨૩ ની નવી બાબત તરીકે કુલ રકમ રૂ.૩૫,૯૧,૮૫,૭૦૮/– દરખાસ્તો રજૂ કરેલી હતી. જે અંતર્ગત ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીમાંથી વખતો વખત મળેલી સુચનો અનુસાર મા.કુલપતિશ્રીના મળેલા આદેશાનુસાર છેલ્લે તા.૨૮/૧૨/૨૦૨૧ના રોજ નાણાંકીય વર્ષ ૨૨–૨૩ માટે નવી બાબત તરીકે રૂ.૭,૩૮,૯૬,૪૨૦/– અંદાજપત્ર રજૂ કરવામાં આવેલું હતું જેની વિગતે ચર્ચા કરવામાં આવી અને રજૂ કરવામાં આવેલ નવી બાબતને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી.

બાબત ક્રમાંક – ૬ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને B.P.C.L. સાથે થયેલા કરાર વખતે જે – તે સમયે પ્રથમ ટોયવાનની ખરીદી સમયે રૂ. ૨૧,૩૦,૦૦૦/– નો ખર્ચ યુનિવર્સિટીના ફંડમાંથી કરેલો હતો. તે રકમ યુનિવર્સિટીના ખાતામાં ટ્રાન્સફર કરી દેવામાં આવેલી છે. જે જાણ સારુ.

ઠરાવ ક્રમાંક – ૬ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને **B.P.C.L.** સાથે થયેલા કરાર વખતે જે – તે સમયે પ્રથમ ટોયવાનની ખરીદી સમયે રૂ. ૨૧,૩૦,૦૦૦/– નો ખર્ચ યુનિવર્સિટીના ફંડમાંથી કરેલો હતો. તે રકમ યુનિવર્સિટીના ખાતામાં ટ્રાન્સફર કરી દેવામાં આવેલી હતી જે અંગે કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

બાબત ક્રમાંક – ૭: યુનિવર્સિટીમાં સાફ–સફાઇ કામગીરી માટે વર્ક ઓડરની સમય મર્યાદા પૂર્ણ થતાં પૂન : કાર્યવાહી કરીને GEM મારફતે પાર્ટી નક્કી કરી વર્ક ઓડર આપ્યાની જાણ કરવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૭: યુનિવર્સિટીમાં સાફ–સફાઇ કામગીરી માટે વર્ક ઓડરની સમય મર્યાદા પૂર્ણ થતાં પૂન : કાર્યવાહી કરીને **GEM** મારફતે પાર્ટી નક્કી કરી વર્ક ઓડર આપવા બાબતે કરેલ કામગીરીની સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

બાબત ક્રમાંક – ૮: પુસ્તક છાપકામના ખર્ચને મંજૂર કરવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૮: પુસ્તક છાપકામના ખર્ચ અંગે સૌ મહાનુભાવ દ્વારા ચર્ચા કરવામાં આવી અને આ અંતર્ગત યુનિવસિટી દ્વારા જરુરી એવા પુસ્તકનું છાપકામ કરાવવું અને તે માટે રુ.૨૫,૦૦,૦૦૦/– નો ખર્ચ કરવાની સર્વાનુમતે મંજૂર કરવામાં આવી. તથા આ બાબતે ઉપરાંત જો વધુ ખર્ચ કરવાની જરુર જણાય તો જરુરીયાતને ધ્યાને લઇ મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

Children's University * Sector-20, Gandhinagar *

બાબત ક્રમાંક – ૯ : યુનિવર્સિટી ખાતે આયુર્વેદની OPD શરુ કરવા સંબંધિત ફી બાબતે સમિતિએ કરેલી ભલામણને મંજુર કરવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૯ : યુનિવર્સિટી ખાતે આયુર્વેદની OPD શરુ કરવા સંબંધિત ફી બાબતે સમિતિએ કરેલી નીચે મુજબની ભલામણને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

| No. | Type of person | Charges |
|---|---|---|
| 1 | Tapovan Garbhsanskar Kendra | 50/- + Medicine |
| 2 | If other than Tapovan | 100/- + Medicine |
| 3 | **CU Staff:** 1. Staff | 50/- + Medicine |
| 4 | 2. Sevak Mitro | Free (Only Medicine charges) |
| 5 | 3. Students | 50/- + Medicine |
| 6 | Blood Pressure + Sugar | 50- |
| 7 | Suvarnaprashana (સુવર્ણપ્રાશન) | 500/- per 15 ml bottle |
| 8 | Shishuparamarshan Kendra | 50/- + Medicine |
| 9 | If other then Shishuparamarshan Kendra | 100/- + Medicine |
| 10 | Follow up Charges (For others till 06 months) | 30/- + Medicine |

બાબત ક્રમાંક – ૧૦ : તપોવન ગીતને હિન્દી ભાષામાં રેકોર્ડીંગ કરાવવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૧૦ : તપોવન ગીતને હિન્દી ભાષામાં રેકોર્ડીંગ કરાવવા બાબતે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ચર્ચા કરવામાં આવી અને આ અંગે ગરીમાપૂર્ણ ગીત ગવાય તે માટે યુનિવર્સિટી દ્વારા જરુરીયાત મુજબની કામગીરી કરી તપોવન ગીતને હિન્દી ભાષામાં રેકોર્ડીંગ કરાવવા માટે હિન્દી ભાષાનાં સુપ્રસિધ્ધ ગાયિકા શ્રીમતી અનુરાધા પોંડ્વાલને આ કાર્ય સોંપવામાં આવે અને જે અંતર્ગત થનાર રુ.૨,૫૦,૦૦૦/– ખર્ચને સર્વાનુમતે મંજુરી આપવામાં આવે છે.

બાબત ક્રમાંક – ૧૧ : અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તે.

બાબત ક્રમાંક – ૧૧(૧) : માહે નવેમ્બર – ૨૦૨૧ માં નેશનલ સેમીનાર (ન્યુટ્રીશન) અંતર્ગત : રુ.૪,૭૨,૨૮૪/– ખર્ચ કરેલો છે જે ને બહાલી આપવા તથા જાણ અર્થે.

ઠરાવ ક્રમાંક – ૧૧(૧) : માહે નવેમ્બર – ૨૦૨૧ માં નેશનલ સેમીનાર (ન્યુટ્રીશન) અંતર્ગત : રુ.૪,૭૨,૨૮૪/– કરેલા ખર્ચને સર્વાનુમતે બહાલી આપવા આપવામાં આવે છે.

અંતમાં કુલસચિવ દ્વારા બેઠકમાં ઉપસ્થિત સૌનો આભાર માની બેઠકની કાર્યવાહી પૂર્ણ જાહેર કરવામાં આવી

તારીખ : ૧૦/૦૧/૨૦૨૨

સ્થળ :- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેકટર–૨૦, ગાંધીનગર

Children's University * Sector-20, Gandhinagar *

કુલસચિવ (I/C)